بسم الله الرحمن الرحیم

**સારાંશ ખુત્બા જુમ્મા સૈયદના હઝરત અમિરૂલ મોમિનીન ખલીફતુલ મસીહ પંજુમ અય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ, તા.19-05-2017 સ્થળ: બૈતુલ ફુતુહ લંડન**

તશહુદ તઆઉઝ તથા સુરઃ ફાતેહાની તિલાવત બાદ હુઝુર અનવર ઐય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ એ ફરમાવ્યું:

તે શિક્ષણ જે આંહઝરત સ.અ.વ. પર ઉતર્યુ, આપણા પ્રત્યેક મામલામાં માર્ગદર્શન કરે છે. જો આપણામાંથી પ્રત્યેક આ શિક્ષણ પર અમલ કરનાર બની જાય તો એક સુંદર સમાજની સ્થાપના થઈ શકે છે. કુરઆન શરીફમાં અસંખ્ય આદેશો છે પરંતુ તે બધાને એક સ્થાને એક વાકયમાં અલ્લાહ તઆલાએ જમા કરી દીધા,

આ કહીને કે لقد کان لکم فی رسول الله اسوة حسنة અર્થાત ખરેખર તમારા માટે અલ્લાહના રસૂલમાં નેક નમૂનો છે અને આંહઝરત સ.અ.વ.નું જીવન ઘરેથી લઈને સમાજ સુધી કુરઆન શરીફના તમામ આદેશોનું પાલન કરનાર હતો. માટે વાસ્તવિક સફળતા તે સમયે જ થાય છે જ્યારે આપણે દરેક મામલામાં તે સુંદર આચરણના નમૂનાને સામે રાખીએ. ઘણી વાર મનુષ્ય મોટા મોટા મામલામાં તો ખુબ સારો નમૂનો જાહેર કરી રહ્યો હોય છે પરંતુ નાની વાતોને એવું અનદેખો કરવામાં આવે છે કે જેવું તેનું કોઈ મહત્વ જ નથી. જો આપણે આપણા જીવનને શાંતિપૂર્ણ બનાવવા ઈચ્છીએ છીએ, જો આપણે અલ્લાહ તઆલાના ફઝલોને મેળવવા માંગીએ છીએ તો આપણે તે જ શિષ્ટાચારોને પોતાના જીવનનો ભાગ બનાવવાની જરૂર છે જે આપણા પ્રિય હઝરત મુહમ્મદ સ.અ.વ.એ પ્રત્યેક બાબતમાં આપણી સામે પેશ કર્યા અને પછી આ યુગમાં આંહઝરત સ.અ.વ.ના સાચા ગુલામે તેને સ્પષ્ટ રીતે આપણી સામે મુકયા અને તેના પર અમલ કરવા તરફ આપણને ધ્યાન અપાવ્યું.

હુઝુર અનવરે ફરમાવ્યું કે અત્રે હું આ સંદર્ભમાં, પુરૂષોની વિભિન્ન રૂપમાં જીમ્મેદારીઓની બાબતમાં અમુક વાતો કહીશ. પુરૂષની ઘરના મુખ્યાના રૂપમાં પણ જીમ્મેદારી છે, પુરૂષ પતિ હોવાના રૂપમાં પણ જીમ્મેદારી છે,પુરૂષ પિતા હોવાની અવસ્થામાં પણ દાયિત્વ છે પછી સંતાન હોવાના રૂપમાં પણ કર્તવ્ય છે. જો પ્રત્યેક પુરૂષ આ જીમ્મેદારીઓને સમજી લે અને તેને અદા કરવાનો પ્રયત્ન કરે તો આ જ સમાજની વ્યાપક શાંતિની સ્થાપના અને પ્રેમ અને ભાઈચારો સ્થાપવાનો માધ્યમ બની જાય છે. આ જ વાતો સંતાનના પ્રશિક્ષણનું માધ્યમ બનીને શાંતિપૂર્ણ અને માનવઅધિકારોને સ્થાપિત કરવા વાળી પેઢી ફૈલાવવાનું સાધન બની જાય છે. ઘરોમાં શાંતિ આ જ વાતોથી કાયમ થાય છે. આજ કાલ અનેક ઘરોથી ફરિયાદો આવે છે કે મર્દ ન પોતાની પત્નીનું સંમાન કરે છે, ન તેને ઉચિત અધિકાર આપે છે અને ન સંતાનના પ્રશિક્ષણનો હક અદા કરે છે. કેવળ નામનો મુખ્યા છે. આવી ફરિયાદો ભારત અને પાકિસ્તાનથી પણ આવે છે કે પતિએ પત્નીને મારી મારીને ઘાયલ કરી દીધી, મોંઢુ સુજવી નાખ્યું. હુઝુર અનવરે ફરમાવ્યું જો મસીહ મૌઉદ અ.સ.ને માન્યા પછી પણ જાહિલ લોકોની જેમ જ રહેવું છે તો પછી પોતાની હાલત બદલવાનો અહેદ કરીને હઝરત મસીહ મૌઉદ અ.સ.ની બૈઅતમાં આવવાનો કોઈ લાભ નથી. આંહઝરત સ.અ.વ.એ તો સૌથી પહેલા ઘરનો મુખ્યા હોવાના રૂપમાં તૌહીદની સ્થાપનાનો મહત્વ સ્પષ્ટ કરીને તેના અનુસાર અમલ કરાવ્યો પરંતુ આ કામ પણ પ્રેમથી કરાવ્યો, લાકડીના જોર પર નહી. આંહઝરત સ.અ.વ.એ તો અત્યંત વ્યસ્ત હોવા છતાં પોતાના ઘરના લોકોનો હક અદા કર્યો, પ્રેમ અને નરમીથી આ હક અદા કર્યા. પહેલા આ આભાસ કરાવ્યો કે તમારી જીમ્મેદારી તો તૌહીદની સ્થાપના છે, અલ્લાહ તઆલાની ઈબાદત છે. આથી હઝરત આયશા રઝી કહે છે કે આંહઝરત સ.અ.વ.રાત્રે નફલ માટે ઉઠતા હતા અને પછી સવારે નમાઝ પહેલા અમોને પાણીના છાટા નાખીને ઉઠાવતા હતા કે નફલ પઢી લો, ઈબાદત કરો, અલ્લાહ તઆલાનો હક અદા કરો. હઝરત આયશા રઝી આપના ઘરેલૂ કામોનું વિવરણ બયાન કરતા ફરમાવે છે કે આપ પોતાના કપડા સ્વયં જ સીવી લેતા હતા, બૂટ ટાકી લેતા હતા, ઘરની મરમ્મત કરી લેતા હતા. આમ આ નમૂનાને સામે રાખીને ઘણા બધા પતિઓએ આત્મ નિરીક્ષણ કરવું જોઈએ. એક અવસરે આંહઝરત સ.અ.વ.એ ફરમાવ્યું કે મોમિનમાંથી સંર્પૂણ ઈમાન વાળો તે છે જેના આચરણ સારા હોય અને તમારામાં આચરણ અનુસાર ઉત્તમ તે છે જે પોતાની પત્નીઓ માટે સારા છે. આમ પ્રત્યેક તે વ્યકિતએ જેનો પોતાની પત્ની સાથે સારો

વ્યવહાર નથી, નિરીક્ષણ કરવું જોઈએ કે આ ઈમાનના ધોરણની બુલંદીની પણ નિશાની છે. હઝરત મસીહ મૌઉદ અ.સ.પતિઓના કર્તવ્યો તથા પત્નીઓ સાથે સુંદર વ્યવહારનું વર્ણન કરતા ફરમાવે છે કે અશ્લીલતા સિવાય તમામ ત્રૂટીઓ સ્ત્રીઓની સહન કરવી જોઈએ અને ફરમાવ્યું કે મને તો કમાલ બેશર્મી માલૂમ થાય છે કે મર્દ થઈને સ્ત્રીઓ સાથે જંગ કરે.

હુઝુર અનવરે ફરમાવ્યું કે તે લોકો જે પોતાની પત્નીઓ સાથે નાની નાની બાબતોમાં ઝગડે છે, હાથ ઉઠાવે છે તેમણે વિચાર કરવો જોઈએ. આથી જેવું કે મેં કહ્યું કે નાની વાતો જે જોવામાં આવે છે તે નાની નથી હોતી. અમુક લોકો કહી દે છે કે સ્ત્રીઓમાં અમુક અમુક બૂરાઈઓ છે જેના કારણે અમારે સખ્તાઈ કરવી પડી, આ સંદર્ભમાં પહેલા પુરૂષોએ પોતાનું નિરીક્ષણ કરવું જોઈએ કે શું તેઓ ધર્મના સ્તર પર ખરા ઉતરનાર છે. હઝરત મસીહ મૌઉદ અ.સ. એવા જ મર્દોને નસીહત કરતા ફરમાવે છે કે મર્દ જો સુશીલ ન હોય તો સ્ત્રી કયારે સુશીલ હોઈ શકે છે. પ્રથમ શર્ત તો આ જ છે કે મર્દ નેક હોય તો જ તેની પત્ની સુશીલ હશે. ફરમાવ્યું કે કેવળ વાતોથી સ્ત્રીઓને નસીહત ન આપવી જોઈએ બલ્કે પોતાના આચરણથી જો નસીહત કરવામાં આવે તો તેનો અસર થાય છે. ફરમાવ્યું કે જે વ્યકિત ખુદાથી સ્વયં નથી ડરતો તો સ્ત્રી તેનાથી કેવી રીતે ડરે. ભલા જ્યારે પતિ રાત્રે ઉઠી ઉઠીને દુઆ કરે, રડે તો પત્ની પણ એક બે દિવસ સુધી જોશે અને આખરે એક દિવસ તેને ખ્યાલ આવશે અને જરૂર પ્રભાવિત થશે. ફરમાવે છે કે ઔરતમાં પ્રભાવિત થવાની પ્રવૃત્તિ અધિક હોય છે, તેના સુધાર માટે કોઈ મદરસો પણ કામ નથી કરી શકતો જેટલો પતિના આચરણ પ્રભાવ નાખે છે. આ મર્દોનો અત્યાચાર છે કે જેઓ સ્ત્રીઓને આવો અવસર આપે છે કે તે તેમની કમીઓ પકડે, તેમણે સ્ત્રીઓને કદાપી એવો અવસર ન આપવો જોઈએ કે તે આ કહી શકે કે મારો પતિ ફલાણી ભૂલ કરે છે. ઔરત થાકી જાય અને કોઈ બુરાઈનો તેને ખબર પણ ન પડે તો તે સમયે તેને દીનદારીનો ખ્યાલ આવે છે અને તે દીનને સમજે છે. હુઝુર અનવરે ફરમાવ્યું કે જ્યારે આવો અવસર આવે કે તલાશ કરવા છતાં મર્દમાં કોઈ બૂરાઈ નજર ન આવે તો પછી ઔરત જો દીનદાર નથી પણ તો પણ દીન તરફ તેનું ધ્યાન જસે.

હુઝુર અનવરે ફરમાવ્યું કે એક તરફ તો આ આશાઓ છે હઝરત મસીહ મૌઉદ અ.સ.ની તે મર્દોથી જે આપની બૈઅતમાં આવ્યા અને બીજી તરફ આપણે જોઈએ છીએ કે ઘણા બધા મર્દ છે જેમની ફરિયાદો લઈને સ્ત્રીઓ આવે છે કે નમાઝમાં આળસું છે, જમાઅત સાથે તો નમાઝ અલગ રહી, ઘરમાં પણ નમાઝ નથી પઢતા. ધર્મનું જ્ઞાન મર્દોમાં કમજોર છે, ચંદામાં અનેક ઘરોના મર્દ કમજોર છે, ટી.વી.ના વ્યર્થ અને અસ્લીલ પ્રોગ્રામ જોવાની મર્દોની ફરિયાદો છે, બાળકોના પ્રશિક્ષણમાં ઉદાસીનતાની ફરિયાદ મર્દો વિશે છે અને જો ઘરના મુખ્યા બનવાના પ્રયત્ન કરશે તો સિવાય ધમકાવવા અને માર ધાડ વગર કઈ હોતું નથી. સ્ત્રીઓ પુરૂષોથી સિખવાને બદલે, ઘણા બધા ઘરોમાં સ્ત્રીઓ પુરૂષોને સિખવાડી રહી હોય છે જેથી બાળકો બગડી ન જાય. જે ઘરોમાં બાળકો પ્રશિક્ષણ હીનતાના શિકાર છે ત્યાં સામાન્ય રીતે કારણ મર્દોની ઉદાસીનતા અથવા પત્ની અને બાળકો પર વગર કારણે સખ્તાઈ હોય છે, અમુક બાળકો મને ફરિયાદ કરે છે કે અમારા પિતાનો વ્યવહાર સારો નથી અમારી માં થી અથવા અમારાથી. જો ઘરોને શાંતિપૂર્ણ બનાવવો છે, જો આવનાર પેઢીનું પ્રશિક્ષણ કરવું છે અને તેમને ધર્મ સાથે જોડવા છે તો મર્દોને પોતાની હાલત પર ધ્યાન આપવું પડશે. હઝરત મસીહ મૌઉદ અ.સ. મર્દોને ધ્યાન અપાવતા ફરમાવે છે કે મર્દ પોતાના ઘરનો ઈમામ હોય છે અને તે જ કુપ્રભાવ છોડે છે તો કેટલો ખરાબ પ્રભાવ પડવાની આશંકા છે. ફરમાવ્યું કે મર્દ પોતાની શકિતઓને ઉચિત રૂપથી તથા ઉચિત સમય પર ઉપયોગ કરે. દા.ત. એક શકિત ક્રોધની છે, જ્યારે સંતુલનથી અધિક હોય તો જનૂનની પાસે હોય છે. ફરમાવ્યું કે જો માણસ ક્રોધિત પ્રવૃત્તિ હોય છે તેનાથી હિકમતનો ઝરણું છનિવી લેવામાં આવે છે બલ્કે જો કોઈ વિરોધી હોય તો તેની સાથે પણ ઘોર ક્રોધિત થઈને વાત ન કરે.

હુઝુર અનવરે ફરમાવ્યું કે આ ધોરણ છે, ઘરમાં પત્ની તથા બાળકો પર ક્રોધિત ન થવું અને આ ક્રોધ તો અલગ રહ્યું જો કોઈ વિરોધી છે તો તેનાથી પણ ક્રોધિત થઈને અને બુદ્ધિહીન થઈને વાત ન કરવી. હુઝુર અનવરે ફરમાવ્યું કે નઝારત ઈસ્લાહો ઈરશાદ અને ઝૈલી તંઝીમોને આ તરફ ધ્યાન આપવું જોઈએ અને બાકી દુનિયામાં પણ પોતાના પ્રશિક્ષણના પ્રોગ્રામ તરફ વધારે ધ્યાન આપવું જોઈએ. તબલીગ કરી રહ્યા છે અને ધાર્મિક બાબતો સિખી રહ્યા છે પણ ઘરોમાં બેચૈનીઓ છે તો તબલીગનો કોઈ લાભ નથી.

હુઝુર અનવરે ફરમાવ્યું એ પહેલા કે ઘર ટુટે અને બાળકો બરબાદ થાય એવા મર્દોએ પોતાની જીમ્મેદારીઓને સમજવું જોઈએ જે ઈસ્લામે તેમના ઉપર જીમ્મેદારીઓ નાખી છે. સ્ત્રીઓના હક અને તેમની સાથે વ્યવહાર વિશે એક

અવસરે હઝરત મસીહ મૌઉદ અ.સ.એ ફરમાવ્યું કે સ્ત્રીઓના હકની સુરક્ષા જેટલી ઈસ્લામે કરી છે તેટલી બીજા ધર્મોએ નથી કરી. ટુંકમાં ફરમાવ્યું કે ولھن مثل الزی علیھن જે રીતે મર્દોના ઔરતો પર હક છે તેવી જ રીતે ઔરતોના મર્દો પર હક છે.

પત્નીઓથી પતિનો એવો સંબંધ હોય જેવું કે બે પાકકા મિત્રો હોય છે. મનુષ્યના શુભ આચરણ અને ખુદા તઆલાથી સંબંધની પ્રથમ સાક્ષી તો તે જ ઔરત હોય છે જો તેમની સાથે જ તેમના સંબંધ સારા નથી તો પછી કેવી રીતે સંભવ છે કે ખુદા તઆલાથી મિત્રતા હોય.

હુઝુર અનવરે ફરમાવ્યું પછી પુરૂષની બાપના રૂપમાં જીમ્મેદારી છે તેને પણ સમજવાની જરૂર છે. માત્ર આ ન સમજી લે કે આ ફકત માં ની જ જીમ્મેદારી છે કે સંતાનનું પ્રશિક્ષણ કરે. નિ:સંદેહ એક વિશેષ આયુ સુધી બાળકનો સમય માં સાથે અધિક ગુજરે છે અને અત્યંત બાળપણમાં માતાનું પ્રશિક્ષણ ખુબ મહત્વ પૂર્ણ ભૂમિકા અદા કરે છે પરંતુ આનાથી મર્દા પોતાના કર્તવ્યો પ્રતિ છુટી નથી જતો. પિતાએ પણ પોતાના બાળકોના પ્રશિક્ષણમાં પોતાની ભૂમિકા નિભાવવી જોઈએ. ખાસ કરીને જ્યારે બાળકો સાત આઠ વર્ષના થાય છે તો તે પિતાની નજના મહોતાજ હોય છે નહીતર અત્યારના વાતાવરણમાં બાળકોને બગડવાની સંભાવના વધારે છે. પિતાએ બાળકોનો જ્યાં આદર સંમાન કરવાની જરૂર છે જેથી તેમના આચરણ સારા થાય ત્યાં તેમના પર ખાસ નજર રાખવાની પણ જરૂર છે જેથી તેઓ માહોલના ખરાબ પ્રભાવથી બચી રહે. પછી પિતાની આ પણ જીમ્મેદારી છે કે જ્યાં બાળકોના પ્રશિક્ષણ તરફ ક્રિયાશીલ ધ્યાન આપે ત્યાં તેમના માટે દુઆ તરફ પણ ધ્યાન આપે આ પણ જરૂરી છે. હઝરત મસીહ મૌઉદ અ.સ. ફરમાવે છે કે હિદાયત અને વાસ્તવિક પ્રશિક્ષણ ખુદાનું કામ છે. સખ્તાઈથી પીછો કરવો અને એક વાત પર ખુબ જ હઠ કરવી, સ્પષ્ટ કરે છે કે જાણે આપણે જ હિદાયતના માલીક છીએ અને આપણે પોતાની ઈચ્છા અનુસાર એક માર્ગ પર લઈ જઈશું આ એક પ્રકારનો ગુપ્ત શિર્ક છે આનાથી આપણી જમાઅતે બચવું જોઈએ. ફરમાવ્યું કે અમે તો આપણા બાળકો માટે દુઆ કરીએ છીએ અને હલકા ફુલકા રૂપમાં નિયમ અને શિષ્ટાચારની પાબંદીનું શિક્ષણ આપીએ છીએ. આનાથી અધિક નહી અને પછી પુરો ભરોસો અલ્લાહ તઆલા પર રાખીએ છીએ. જેવું કોઈમાં દિવ્ય બીજ હશે સમય આવવા પર લીલો છમ થઈ જશે.

હઝરત મસીહ મૌઉદ અ.સ. ફરમાવે છે કે કેટલાક લોકોનો આ પણ ખ્યાલ છે કે સંતાન માટે થોડુંક ધન છોડવો જોઈએ. મને હેરાની થાય છે કે ધન છોડવાનો ખ્યાલ તો તેમને આવે છે પણ આ ખ્યાલ નથી આવતો કે તેની ચિંતા કરે કે સંતાન નેક હોય, ખરાબ ન હોય અથવા બરબાદ અને બદ ન હોય, બલ્કે સુશીલ અને નેક હોય. ખુદા તઆલા સ્વયં ફરમાવે છે કે અલ્લાહ તઆલા પોતાના નેક બંદાનો સહાયક અને સમર્થક હોય છે. જો સંતાન ભાગ્યહીન છે તો લાખો રૂપીયા તેના માટે છોડી જાઓ તે ખરાબ કામોમાં બગાડીને ફરીથી કંગાળ થઈ જશે તથા તે મુશ્કેલીઓમાં પડશે જે તેના માટે નિશ્ચિત છે.

હુઝુર અનવરે ફરમાવ્યું કે જ્યાં ઈસ્લામ પિતાને આ કહે છે કે પોતાના બાળકોના પ્રશિક્ષણ તરફ ધ્યાન આપો અને તેમના માટે દુઆઓ કરો ત્યાં બાળકોને પણ આદેશ આપે છે કે તમારો પણ કઈક દાયિત્વ છે. જ્યારે તમે વ્યસ્ક થઈ જાઓ તો માં બાપના પણ તમારા પર કેટલાક અધિકાર છે તેને તમારે અદા કરવા છે. આ સંબંધીઓના હકની કડીઓ જ છે જે એક બીજા સાથે જોડાઈને શાંતિ પૂર્ણ સમાજ પૈદા કરે છે. માં બાપનો હક અદા કરવાની કેટલી મોટી જીમ્મેદારી છે તેનું કેટલું મહત્વ છે તેનો આભાસ પ્રત્યેક મોમિનને હોવું જોઈએ. એક બાળક જ્યારે જવાન થાય છે તો તેણે પોતાના માં બાપનો હક કેવી રીતે અદા કરવો છે આ વાતને સમજાવતા આંહઝરત સ.અ.વ. એક અવસરે ફરમાવે છે કે જ્યારે એક વ્યકિતએ આંહઝરત સ.અ.વ.ની સેવામાં નિવેદન કર્યુ કે હું જેહાદમાં જવા માંગું છું ફરમાવ્યું શું તારા માં બાપ જીવિત છે ? તેણે કહ્યું હાં જીવિત છે તો આપે ફરમાવ્યું કે તે બંનેની સેવા કરો આ જ તારો જેહાદ છે.

એક સહાબી કહે છે કે અમે લોકો આંહઝરત સ.અ.વ.ની સેવામાં હાજર હતા કે બની સલમાનો એક વ્યકિત હાજર થયો અને પૂછવા લાગ્યો કે હે રસૂલુલ્લાહ સ.અ.વ. માં બાપના અવસાન પછી કોઈ એવી નેકી છે જે હું તેમના માટે કરી શકું ? આપે ફરમાવ્યું હાં કેમ નહી, તમે તેમના માટે દુઆઓ કરો, તેમના માટે ક્ષમા યાચના કરો, તેમણે કોઈનાથી વાયદો કર્યો હોય તે પુરો કરો, તેમના પરિજનોથી તેવી જ રીતે નિર્મલ ભાવના અને સુંદર વ્યવહાર કરો જે રીતે તેઓ પોતાના જીવનમાં તેમની સાથે કરતા હતા અને તેમના મિત્રો સાથે આદર સંમાનનો વ્યવહાર કરો.

હુઝુર અનવરે ફરમાવ્યું કે લગ્ન પછી ખાસ કરીને તે દાયિત્વો તરફ ધ્યાન આપવું જોઈએ અને જો મનુષ્ય વિવેક સાથે પત્નીના પણ દાયિત્વ પુરા કરી રહ્યો છે અને માતા પિતાની પણ સેવા કરી રહ્યો છે અને પત્નીને પણ હિકમત સાથે અહેસાસ અપાવે કે સાસું સસરાનું મહત્વ શું છે અને સ્વયં પણ પોતાની સાસું સસરાની સેવા અને તેમના મહત્વને ઓળખતો હોય તો ઘરોમાં કદાપી લડાઈ ઝગડા ન થાય, જે અમુક વાર પૈદા થઈ રહ્યા હોય છે. ઘણી વાર દીની મતભેદના કારણે બાપ બેટામાં મત ભેદ ઉત્પન થઈ જાય છે, કેટલાક નવા અહેમદી હજુ પણ આવા પ્રશનો પૂછે છે, આવી પરિસ્થિતીમાં પુત્રએ પિતા સાથે નેક સલૂક પણ કરવો છે અને તેમની સેવા પણ કરવી છે તેનો વિસ્તાર પૂર્વક જવાબ હઝરત મસીહ મૌઉદ અ.સ.એ આપ્યો એક વ્યકિતએ સવાલ કર્યો કે હુઝુર ! માં બાપની સેવા તથા તેમની આજ્ઞાપાલન અલ્લાહ તઆલાએ ઈન્સાન માટે અનિવાર્ય કરી છે પણ મારા માં બાપ હુઝુરની બૈઅતમાં આવવાના કારણે મારાથી ખુબ જ નારાજ છે અને મારી શકલ પણ જોવાનું પસંદ નથી કરતા. જયારે હું હુઝુરની બૈઅતમાં આવવાનો હતો તો તેમણે મને કહ્યું કે અમારાથી પત્ર વ્યવહાર પણ ન કરતો અને હવે તારી શકલ પણ જોવા નથી માંગતા. હવે હું અલ્લાહ તઆલાના આ આદેશને કેવી રીતે પુરો કરૂ.

આપે ફરમાવ્યું કે કુરઆન શરીફ જ્યાં માં બાપની આજ્ઞાપાલન અને સેવાનો આદેશ આપે છે ત્યાં આ પણ ફરમાવે છે કે અલ્લાહ તઆલા ખુબ જાણે છે જે કંઈ તમારા દિલોમાં છે જો તમે નેક છો તો તે પોતાના તરફ ઝુકનાર માટે ક્ષમાશીલ છે. સહાબા ઝિવાનુલ્લાહ અલૈહિમને પણ આવી મુશ્કેલીઓ આવી હતી કે દીનની મજબુરીઓના કારણે તેમની તેમના માં બાપ સાથે અનબન થઈ ગઈ હતી. માટે તમે પોતાના તરફથી તેમની સંભાળ અને દેખરેખ માટે હંમેશા તૈયાર રહો. જયારે કોઈ અવસર મળે હાથથી ન જવા દો, તમારી નિય્યતનો સવાબ તમને મળીને જ રહેશે. જો કેવળ દીનના કારણે અને અલ્લાહ તઆલાની ખુશીને પ્રાથમિકતા આપવા માટે માં બાપથી અલગ થવું પડયું છે તો આ એક મજબૂરી છે. પોતાના તરફથી માં બાપના હક અદા કરવાનો પ્રયત્ન કરતા રહો અને તેમના હકમાં દુઆઓ કરતા રહો અને નિય્યતમાં શુદ્ધ હોવાનો ખ્યાલ રાખો, નિય્યત સાચી હોવી જોઈએ. આથી ઘણા બધા લોકો આજે પણ આ સવાલ પૂછે છે કે માં બાપ પ્રતિ પણ કર્તવ્ય છે તેમને અમે કેવી રીતે અદા કરીએ એવી હાલતમાં, તો તેમના માટે આ જવાબ કાફી છે.

હુઝુર અનવરે ફરમાવ્યું કે એક મર્દની વિભિન્ન અવસ્થામાં જે જીમ્મેદારીઓ છે તેને તેણે અદા કરવાની કોશિશ કરવી જોઈએ. પોતાના ઘરોને એક એવો નમૂનો બનાવવો જોઈએ જ્યાં પ્રેમનો વાતાવરણ પ્રત્યેક સમયે કાયમ રહે. એક મર્દ પતિ પણ છે, પિતા પણ છે, પુત્ર પણ છે આ દ્રષ્ટિથી તેણે પોતાની જીમ્મેદારીઓ સમજવી જોઈએ ઘણા બધા રૂપ છે મર્દો ના, પરંતુ આ ત્રણ રૂપ મેં બયાન કર્યો છે જેથી ઘરની એકતા જે આધાર છે, સમાજમાં શાંતિનો જામીન ત્યારે જ બની શકે છે જ્યારે આ આધાર પર અમન કાયમ થાય અને તેમાં અધિકથી અધિક સુંદરતા પૈદા કરવાની કોશિશ કરવામાં આવે. અલ્લાહ તઆલા આપણને આની તૌફીક આપે. આમીન

| Khulasa Khutba Jumma Huzoor Anwar 19 May 2017 |
| --- |
| BOOK POST (Printed Matter)<br><br>To..........................................................................................................<br>..........................................................................................................<br>..........................................................................................................<br><br>From: Masroor Manzil, Al-Aman society. Narol, Ahmedabad-382405 GUJARAT. |